સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

કર્યા છે ઘાવ ઊંડા, હવે પેકેજના પાટા બાંધો !
તૂટ્યા છે ધંધામાં સ્નેહ-સંબંધ સાંધા સાંધો !
રાંધો ફરીથી, - કે પડી પલવલ્લી અર્થતંત્રની -
શાંત સરોવરે નાખો છો પથ્થરા એનો છે વાંધા!

હાઈકુ

છે અખતરા -
આવડત વિનાના -
ઊભો ખતરો...

સોટી મારી ને-
પેકેજ ચોકલેટે -
રીઝવો બાળ...

ચિંતન

નાગ્નિહોત્રં વિના વેદો ન ચ દાનં વિના ક્રિયા ।
ન ભાવેન વિના સિદ્ધિ સ્તસ્માદ્ભાવો હિ કારણમ્ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

અગ્નિહોત્રં વગર વેદોનું અધ્યયન વ્યર્થ છે તથા દાન દક્ષિણા વગર યજ્ઞ આદિ કર્મ નિષ્ફળ હોય છે. શ્રદ્ધા અને ભક્તિ વગર કોઈ પણ કાર્યમાં સફળતા નથી મળતી. મનુષ્યની ભાવના, વિચાર તેની બધ્ધી સિદ્ધિઓ અને સફળતાનું કારણ મનાય છે.

જે વ્યક્તિ વેદ આદિ શાસ્ત્રોનું અધ્યયન કરે છે. યદિ તે અગ્નિહોત્ર શુભકાર્ય કરતો નથી તો તેનું વેદ અધ્યયન વ્યર્થ છે. યજ્ઞ કરવાવાળા વ્યક્તિ એ વિદ્વાન બ્રાહ્મણને દક્ષિણા ન આપવાથી યજ્ઞ નિષ્ફળ થાય છે. મનુષ્ય જેવી ભાવનાથી કામ કરે છે તેને તેવી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

સુવિચાર

- હાંસિલ ઉન્હેં હોતી હૈ મંઝિલ.. જો વક્ત ઔર હાલાત પર રોયા નહીં કરતે - **સંદિપ મહેશ્વરી**
- જવાબદારી સ્વીકારવાની ક્ષમતા એ માનવીની પ્રતિભાનો માપદંડ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સાવ ડફોળના દાખલા સાચા પડે અને,
  ભલભલા બુદ્ધિશાળીના ગણિત ખોટા પડે એવું નામ 'જિંદગી' - **જીવન પાથેય**
- પુરી દુનિયા જીતી શકાય છે સંસ્કારથી અને જીતેલું પણ હારી જવાય છે અહંકારથી - **બોધિવૃક્ષ**
- લોકો કહે છે કે ખર્ચ કરતા પહેલા કમાઈ જાણો, પરંતુ અનુભવ કહે છે,
  ખર્ચ કરવા જેટલું કમાઓ ત્યાં જીંદગી ખર્ચાઈ ગઈ હોય છે - **પ્રજ્ઞેશ ગોસ્વામી**
- પ્રતિષ્ઠાવધે ને એટલે નિંદાનો ટેક્સ ચૂકવવો જ પડે એટલે નિંદાથી ગભરાવું નહીં,
  નિંદા તો તમારી પ્રગતિની નિશાની છે - **ડો. જગદીશ ત્રિવેદી**
- આજનું ઔષધ : એલચીના ચૂર્ણનો આમળાના ચૂર્ણ સાથે નવશેકા પાણી સથે લેવાથી પેશાબની બળતરા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

હોદ્દો મળતા જ માણસ જયારે 'સાહેબશ્રી'ની કક્ષામાં આવી જાય પછી એ સેવાભાવ ભૂલી ન જાય છે અને નીચેનો સ્ટાફ એની 'સેવા'માં રહે તેવી એમની અપેક્ષા હોય છે. કલકત્તાના ડૉ નાગ સાવ સીધા અને સેવાભાવ ધરાવતા ડૉકટર હતા. તેઓ ગરીબોની વસ્તીમાં સાવ મફતના ભાવે દર્દીઓની સુશ્રુષા કરતા. એક વાર દવાખાનાનો સમય પૂરો થયો અને તેઓ ચાલતા ઘર તરફ નીકળ્યા. રસ્તામાં એક વેપારી ને ઉદાસ બેઠેલો જોઈને પૂછ્યું, 'અરે ભાઈ, શું થયું ? કેમ ઉદાસ છો?', 'વેપારીએ કહ્યું, 'મારા ગોડાઉનમાં ચોખા ભરેલા છે, વરસાદ આવશે તો નુકશાન જશે મજૂરે નળીયા ઉતાર્યા પછી ચડાવવા માટે કહ્યું છે.... પણ હજી સુધી મજૂર આવ્યો નથી.'' ડૉ. નાગને થયું આજે આને મદદ કરવી જરૂરી છે. વેપારીને કહ્યું, 'અરે રે એમાં શું મુંઝાઈ ગયા. મને નળિયા કામ આવડતું નથી એટલે થોડી વાર લાગશે. પણ કામ શરું કરી દઈએ.' વેપારીએ કહ્યું, 'ચાલો હું તમને ઉપર નળિયા પહોંચાડું છું.' ડો. નાગ નળિયા ગોઠવવા છાપરે ચડ્યા. કામ પુરું થવામાં હતું અને ત્યાં એમના દર્દી આશુતોષ રાય ત્યાંથી પસાર થયા. તેમણે વેપારીને ઠપકો આપ્યો. ત્યારે ડૉ. નાગે કહ્યું. 'વાણી ગુણાનુકથને, શ્રવણૌ કથાયામ્' । હસ્તૌ ચ કર્મસુ મનઃ તવ પાદર્યો ર્ન : ॥ ભગવાને હાથ કાર સેવા માટે જ આપેલા છે.

દેશમાં સર્જાઈ છે સમસ્યાઓની હારમાળા

તંત્રીસ્થાનેથી...

લોકડાઉનના ત્રણ તબક્કાઓ દરમિયાન ઊડીને આંખે વળગે એવી કેટલીક બાબતોની નોંધ લેવી જ રહી. કોરોના વોરિયર્સ જેવી ઈંટરનેશનલ ઓળખ સાથે આપણે ડૉકટરો, નર્સો, પેરા મેડિકલ સ્ટાફ અને પોલીસતંત્રને બિરદાવતા રહ્યા છીએ. ખુધ વડાપ્રધાન અને રાષ્ટ્રપતિથી લઈ દરેક રાજયના મુખ્યમંત્રીઓ તથા સનદી અધિકારીઓ આ જંગમાં પૂરી ગંભીરતાથી લડી રહ્યા છીએ. પાર્ટીલાઈનના વાંધાવચકા જરૂર દેખાતા રહ્યા છે,પરંતુ એકંદરે તમામ રાજકીય પક્ષો અને સ્વૈચ્છિક સંગઠનો આ અણધારી આફત સામે ખભેખભા મિલાવી ઝઝૂમી રહ્યા છે હા, કયારેક જશ ખાટી લેવાની ઘૃણાસ્પદ કૂટનીતિ સામે વિરોધી સૂર જરૂર ઊઠતા રહ્યા છે. આવી વૈશ્વિક મહામારી સંદર્ભે રાજકારણ ન જ રમાવું જોઈએ પણ આપણા નેતાઓ 'આદત સે મજબૂર' હોય ત્યાં બિચારા ચૂપ પણ કઈ રીતે રહે ! સૌથી વધુ વેઠવાનું તો શ્રમજીવી વર્ગના ભાગે જ આવ્યું છે. જો તટસ્થ અભ્યાસ હાથ ધરાશે તો કોરોનાકાળમાં ટીવી પર ચીપી ચીપીને કંટાળાજનક હદે પસંદગીના આંકડા પીરસતા સરકારી તંત્રવાહકો આ દુખિયારા જીવો પ્રત્યે કેટલો નઠોર અને કઠોર વ્યવહાર દાખવતા રહ્યા એનો જુદો જ ઈતિહાસ લખાશે. કેટકેટલા શ્રમિકોને પ્રથમ લોકડાઉન વખતે ફરજિયાત કામ અને રોજગાર વગર સાવ જ બિન આરોગ્યપ્રદ સ્થળોમાં ગોંધી રખાયા, એમને પૂરતું ખાવાનું ન પહોંચાડી શકાયું અને જયારે તેઓ પગપાળા વતનના રસ્તે પળ્યા ત્યારે અધવચ્ચે પોલીસે દંડાવાળી કરી, કંઈ કેટલાય લોકો વતન પહોંચતાં પહેલાં જ કાળનો કોળિયો બની ગયા. કોઈ વાહનોની હડફેટે આવી ગયા તો કોઈને ગુડઝ ટ્રેને કચડી નાખ્યા, કોઈ વળી રોડ અકસ્માતમાં માર્યા ગયા. કહેવાતી સૌથી મોટી લોકશાહીમાં આ અબોલ શ્રમજીવીઓ કેટલા નિરાધાર છે - એની દુનિયાને કદાચ કોરોનાએ જ ખબર પહોંચાડી છે. નહીંતર આ પ્રજાને પટાવી - ફોસલાવી, દારૂ-ચવાણું અને થોડી ગાંધીછાપ નોટો પકડાવી દઈ ચૂંટણી જીતી લેવામાં તો બેઉ રાષ્ટ્રીય પાર્ટીઓ એકમેકને ભૂંડી કહેવડાવે એ હદે વર્તતી રહી છે. ગરીબોનાં કીડીયારા ઉભરાતાં હોય એવા દેશને પાંચ ટ્રિલિયનની ઈકોનોમી બનાવી દેવાનાં સ્વપનાથી લઈ ઘરનાં છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો પધરાવવા જેવી રાજનીતિ માટે ફક્ત મોદી સરકારને દોષ આપવો એ પણ ઉચિત નથી. 'ઈંદિરાજી આઈ હૈં, નઈ રોશની લાઈ હૈં' જેવાં રુપકડાં સૂત્રો સાથે 'ગરીબી હટાવો'નો સંકલ્પ કેમ સાત સાત દાયકા સુધી સિદ્ધ નથી થઈ શકતો એનો હિસાબ મોદી એન સોનિયા-મનમોહન કે રાહુલ પાસે પણ માગવો જોઈઓ આવી પડેલી ઈમેજ બુસ્ટિંગની તક ઝડપી લેવાનો સૌથી વધુ પ્રયાસ રાહુલ ગાંધી કરી રહ્યા છે. એમને ભવિષ્યમાં વડાપ્રધાન તો બનવું જ છે - અને એ માટે આ શ્રમિકોની ગુડબુકમાં વસી જવાની સોનેરી તક ઝડપી લેવા તેઓ આકાશપાતાળ એક કરી રહ્યા છે. મોદીન ફક્ત ભારતના નેતા બની રહેવામાં રસ નથી; એ વૈશ્વિક નેતાગીરીની સ્પર્ધામાં ઊતરેલા એથલીટ છે. ગરીબોની વાતો ચૂંટણી ટાણે જ શોભે; અત્યારે તો કોરોના સામે સૌથી મજબૂત રીતે બાથ ભીડીને દુનિયાના અન્ય નેતાઓની સરખામણીએ વધુ કુનેહપૂર્વક કામ કરવાની અભિવ્યક્તિ કરવી જ રહી. આવી વિકટ પરિસ્થિતિમાં લોકડાઉનથી કંટાળી ગયેલા સુરતીઓ મધરાતે રસ્તા પર ન ઊતરી આવે તો જ નવાઈ. પ્રજાની સમજણ પણ મર્યાદિત હોય છે અને સહિષ્ણુતા પણ. કોરોનાની ગંભીરતા પ્રજાને ગળે ઉતારવામાં આપણા તંત્રવાહકો ઊણા ઊતર્યા છે એવું નથી લાગતું? આગામી દિવસોમાં આ મુદ્દે લોકશિક્ષણની વ્યાપક ઝુંબેશ ઉપાડવી પડશે, કારણ કે તજજ્ઞો કહે છે એમ આપણે કોરોના સાથે જીવવું પડશે. કોરોના કાળ કેર સામે ખુદ પાલનપુરના ડૉકટર જો હવનહોમ કરાવયા હોય ત્યારે વિજ્ઞાન કયાં ગયું ? દુઆ કયારેક દવા કરતાં પણ વધુ અસરકારક નીવડતી હોવાની શ્રદ્ધા હજી અકબંધ છે તો બીજી તરફ પેટમાં નવ નવ માસના ગર્ભ સાથે પોલીસદળની મહિલાઓ કે નર્સો કોરોના જંગમાં ફરજ સમજીને સક્રિય રહી છે - એ પણ માનવીની અપાર સંભાવનાઓની જ પ્રતીતિ કરાવે છે.

ડૉકટરની બેદરકારી બદલ દર્દી કે તેમના સગા વળતર મેળવી શકે છે

દર્દી માટે ડોકટરે આપેલો અભિપ્રાય પ્રમાણિક હોવો જોઈએ

ડોકટર અને દર્દીનો સબંધ એ કરાર આધારીત છે તેમાં ચુક થાય તો દિવાની જવાબદારી ડોકટરની થાય છે

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ડોકટર અને દર્દીનો સબંધ ભારતમાં ભગવાન અને ભક્ત જેવો છે. દર્દી હંમેશા ડોકટરમાં ભગવાનનું સ્વરૂપ જોતો આવ્યો છે. દ્રર્ઈહદ્દઞ્ઞ ઉંગ્ઈદ્દઞ્ઞંર જીદ્દિષ્ઠી જેવી સંસ્થાઓ ઈંગ્લેન્ડની જેમ ભારતમાં અસ્તીત્વમાં નથી. દર્દી અને ડોકટર વચ્ચેનો સબંધ કરાર આધારીત હોય છે. ડોકટર દર્દીને સાજા કરવાનું વચન આપે છે બદલામાં દર્દી ડોકટરનું જરૂરી મહેનતાણું આપવા બંધાયેલો છે પરંતુ ડોકટરની બેદરકારીના કારણે દર્દી અગર તો મહિલા તથા બાળકનું અથવા બે માંથી એકનું મોત નિપજે અને ડોકટરની કે તેમના ટ્રેઈન સ્ટાફની ગંભીર બેદરકારી સામે આવે તો દર્દી અગર તો તેના સગા ડોકટર પાસેથી કન્ઝયુમર પ્રોટકશન એકટ ૧૯૮૬ ની કલમ ૨(૧)(ડી)(૨), ૧૨(એ) અને ૧૪(૧)(ડી) મુજબ વળતર મેળવવા હક્કદાર બને છે.

મનુષ્ય માત્ર ભુલને પાત્ર પરંતુ અમુક એકસપર્ટની ગંભીર ભુલ, બેદરકારી કે બે જવાબદારી ભરી ભુલ માફ ના કરી શકાય જયારે દર્દીનું સંપૂર્ણ જીવન અને ભવિષ્ય એક ઉમદા એકસપર્ટ ડોટકરના હાથમાં દર્દીના સગા કે દર્દી ખુદ મુકતો હોય તેવા સંજોગોમાં બેદકારી કે ગફલત ચલાવી શકાય નહિ.

ડોકટરમાં મૈત્રીભાવ, કરૂણા તથા પ્રેમ હોવો એ ભારતીય સંસ્કૃતીનું અભિન્ન અંગ ગણવામાં આવે છે તથા દર્દી માટે ડોકટરે આપેલો અભિપ્રાય પ્રમાણિક હોવો જોઈએ.

ડોકટર અને દર્દી વચ્ચેનો સબંધ બન્નેના પરસ્પરના વચનો આધારિત હોય છે અને એ કરારના કાયદાની જોગવાઈઓથી સંચાલીત થાય છે. પરસ્પરના વચનો બન્ને તરફવાળાએ કાયદામાં નિભાવવાના હોય છે. ફી ચુકવવાની પવિત્ર ફરજ દર્દીની છે અને દર્દીને સાજા કરવાની પવિત્ર ફરજ ડોકટરની છે માટે જ કાયદામાં આવા કરારને દિવાની ફરજ તરીકે નોંધેલ છે તેથી દિવાની ફરજ વ્યાજબી દરકાર લઈ બજાવવી જોઈએ પોતાની શ્રેષ્ઠ બુદ્ધિ, આવડત અને અનુભવનો તમામ નિચોડ કાળજીપૂર્વક દર્દીને સમર્પીત કરી તેને સાજો કરી આપવો એ દિવાની ફરજનો ભાગ ગણવામાં આવે છે જેમાં ચુક કે બેદરકારી થાય અને દર્દી કે તેના સગાને સહન કરવાનું આવે કે દર્દીનું ભવિષ્ય અંધકારમય બની જાય તો ડોકરટની બેદરકારી બદલ વળતર ચુકવવું એ પ્રાથમીક ફરજમાં આવે છે. દર્દીને નુકશાન કર્યા બાદ તથા મોત નિપજે તેવી હાલત તરફ ધકેલવા બદલ નાણાકિય નુકશાન સગાને કે દર્દીને ચુકવવા ડોકટર કાયદાકિય રીતે બંધાયેલા છે.

સામાન્ય વર્ગમાં તથા સમાજમાં એવી માન્યતા પ્રવર્તે છે કે ધાર્મિક ટ્રસ્ટ તથા ખાનગી રાહત ભાવના દવાખાનામાં ઓછી ફી લઈ ડોકટર સેવાક કરે છે, દર્દીની સારવાર કરે છે. ઓછી ફી લેવાથી જવાબદારી કે ફરજમાંથી કાયદાકિય રીતે છટકી શકાતું નથી. ઓછી ફી લેઈ સારવાર કરવાનો અર્થ એમ નથી કે ડોકટર બેદરકારી, ફરજચુક કે ગફલત કરશે તો તેને કાયદામાં માફી આપવામાં આવશે બેદકારી સાબીત થયે યોગ્ય સજા થઈ શકે છે. અકસ્માતના કેસો, આપઘાતના કેસો તથા આપત્તીજનક કેસો, ગેંગ રેપના કેસમાં યોગ્ય સમયે પોલીસને જાણ કરવાની હોસ્પિટલની જવાબદારી છે.

સગર્ભા સ્ત્રીની સારવાર દરમ્યાન ડોકટર આધુનિક મશીનો દ્વારા, જુદા જુદા ટેસ્ટ દ્વારા ગર્ભમાં રહેલ બાળક ખોડખાંપણવાળુ કે મૃત હાલતમાં નથી તે ચકાસી રીપોર્ટ આપવાની કાયદાકિય તથા દાકતરી વ્યવસાયની પવિત્ર ફરજ છે જો આવા રીપોર્ટના અભાવે, યોગ્ય સારવારના અભાવે બાળક ખોડખાંપણવાળુ જન્મે તો જીવનભર બાળક અને માતા પિતા સજા ભોગવે છે. ડોકટરની આવી ગંભીર બેદરકારી, ગફલત બદલ મૃત બાળક જન્મ તો તેના માતા પિતાને અને જીવીત બાળક હોય તો તેના ભવિષ્યના ખર્ચનું નુકશાન વળતર ડોકટર અને હોસ્પિટલ પાસેથી મેળવવા હક્કદાર બને છે.

અનુસંધાન પાના નં ૭ પર

પુસ્તકો આપણા એકાંતને સમૃદ્ધ કરે છે

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

ચાર માણસોનું કુટુંબ
મંદીમાં
ખાવા ધાન નથી
ને ભાડાનાં મકાનનું નામ
'લીલાલહેર' છે...!!

- પારસ એસ હેમાણી

કોરોના, લોકડાઉન, લાખો લોકોનું વતન તરફનું પ્રયાણ, દુઃખ, પીડા, તકલીફો આ બધું જ આપણે આપણી આસપાસ બનતું અનુભવ્યું. છેલ્લા દોઢેક મહિનાથી આપણા દેશની અને બે-ત્રણ મહિનાથી સમગ્ર વિશ્વની આ પરિસ્થિતિ છે. અન્ય દેશોના પ્રમાણમાં અમુક બાબતોમાં આપણે ભારતવાસીઓ શાંત, સ્થિર અને સહનશીલ સાબિત થયા છીએ. પણ અમુક બાબતોમાં આપણે વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં વધુ બેદરકાર અને અસહાય પણ પુરવાર થયા છીએ. આપણે સૌ જાણીએ છીએ અને સારી રીતે સમજીએ પણ છીએ કે, આવા પ્રકારની તકલીફ આપણા સૌના જીવનમાં સૌ પ્રથમવાર જ બની છે. માટે આપણને આનો કોઈ અનુભવ નથી. અને માટે જ આજે સમગ્ર વિશ્વ Trial and error ની રીતે કોરોનાને હરાવવાની પદ્ધતિઓ અપનાવી રહ્યું છે.

આજના આ મહામારીના સમયમાં માણસને પોતાની મર્યાદાનો અહેસાસ થયો છે. એક માણસ જોઈજોઈને કેટલું જોઈ શકે ? એક તો એની દૃષ્ટિને જ મર્યાદા છે. એમાં વળી જેટલું એ જુએ છે કે અનુભવે છે. એ બધું જ સમજી શકે એવું થોડું બને છે? આપણે સૌ દરેક ક્ષણે એક નવા જ અનુભવના પ્રદેશમાંથી પસાર થઈ રહ્યા છીએ. અને આ અનુભવ આપણને દરરોજ નવી જ શિક્ષા, નવી સમજણ આપી જાય છે. આપણી સામે આવનારા અવરોધો પ્રશ્નો અને મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાના રસ્તા આપણે શોધી ડ કાઢતા હોઈએ છીએ. અને આજ સુધી આપણે એમાં કયારેક સફળ તો કયારેક નિષ્ફળ રહ્યા છીએ. પણ કોઈ પણ સંજોગોમાં આપણે અટકયા કે થોભ્યા નથી. અલબત્ત, 'કોરોના' નામનું આ સંકટ આપણે પહેલીવાર અનુભવી રહ્યા છીએ. શ્રી ભગવતીકુમાર શર્મા લખે છે તેમ,

'આ રેતીમાં હોડી ખરાબે ચઢી છે.'

આવનારા દિવસોમા લોકડાઉન-૪માં આપણે નાની-મોટી છૂટછાટ વચ્ચે સમજણપૂર્વક અને ધીરજપૂર્વક વર્તીશું તો કોરોનાથી ચોક્કસપણે જીતી શકીશું. કારણ વગરની ભીડ-ભાડ ભેગી કરવી કે તેમાં શામેલ થવું હવેના સમયમાં આપને પરવડે તેમ જ નથી. આપણે સૌએ એક જાગૃત નાગરિકની, પોતાનો, અન્યનો, સમાજનો તેમજ રાષ્ટ્રનો અને જેમ વિશ્વનો પણ વિચાર કરવો પડશે. આર્થિક મંદી, બેરોજગારી કે ભૂખમરાનો સામનો કરી રહેલા આપણા જ લોકોને શક્ય તેટલી મદદ કરવી પડશે. જરૂર ન હોય તેવા લોકોએ ઘરમાં જ રહીને પોતાના રોજિંદા કામ કરવાની સ્વયં-શિસ્ત જાળવવી જ પડશે. જે લોકોને પુસ્તકોનો શોખ ન હોય તેવા લોકોએ પણ જો આ શોખ વિકસાવે તો આ વણજોઈતું એકાંત આકરું ન લાગે.

શ્રી સુરેશ દલાલ લખે છે કે,

'પુસ્તકો આપણા એકાંતને સમૃદ્ધ કરે છે. જે માણસ પુસ્તકોની વચ્ચે રહે છે, તે જિંદગી આખી બગીચાની વચ્ચે જ બેઠો હોય છે. સ્થૂળ વૈભવ અને સૂક્ષ્મ વૈભવ વચ્ચેનો ભેદ એને સમજાય છે.'

કોરોનાના કારણે આપણું ઘણું બધું કામ અટવાયું હશે પણ આપણે ગુજરાતીઓ તો કેરીની ગોટલીનો પણ મુખવાસ બનાવી શકવા સમર્થ છીએ ત્યારે આ મહામારીમાં પણ પોતાની અંદર રહેલી છૂપી ક્ષમતાને ન વિકસાવીએ તો જ નવાઈ! આ સમયનો ઉપયોગ મનને ગમે તેવું, મન પ્રફુલ્લિત રહે તેવું કંઈક કરવામાં કરીશું તો આ કપરો સમય પણ સરળતાથી પસાર થઈ જ જશે !

Lasr Seen :

જગતમાં આપણો આ દુઃખનો હિસ્સો સંપૂર્ણ ન્યાયસંગત હોય જ, એવું બનતું નથી. જેને આપણે અન્યાય ગણીએ, તેનો પણ યોગ્ય રીતે સ્વીકાર કરી શકીએ, એવું આપણામાં સામર્થ્ય હોવું જોઈએ.

રવિન્દ્રનાથ ઠાકુર (અનુ. નગીનદાસ પારેખ)

- nehalgadhavi101@gmail.com

ગાંધીજી-સાવરકરની ત્રણ ઐતિહાસિક મુલાકાતો

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી (૨ ઓક્ટોબર ૧૮૬૯- ૩૦ જાન્યુઆરી ૧૯૪૮) અને સ્વાતંત્ર્યવીર સાવરકર (૨૮ મે ૧૮૮૩-૭ ફેબ્રુઆરી ૧૯૬૬) એ બંને સામસામે મૂકાતાં વ્યક્તિત્વોને વટાવવાની એકસાથે કોશિશ થતી હોય છતાં એમની વચ્ચે યોજાયેલી ત્રણ-ત્રણ મુલાકાતો વિશે ઝાઝી ચર્ચા ના થાય એ જરા અવનવું લાગે છે. ક્યારેક ગાંધીજીની હત્યાના પ્રકરણમાં સાવરકર આરોપી હતા, પણ એ છૂટી ગયા હતા. માત્ર અનુકૂળ ઈતિહાસના જોરે વર્તમાનમાં રાજકારણ ખેલવા જતાં કાયમ એ બરકત આપે જ એવું ના પણ બને. મહાત્મા ગાંધીની સાર્ધશતાબ્દી ઉજવીને કે સ્વાતંત્ર્યવીર સાવરકરને ભારતરત્ન આપવાની માંગણીઓ કે ઘોષણાઓ કરવા માત્રથી વર્તમાન કે ભાવિ પેઢીનું કેટલું કલ્યાણ થઈ શકે એ મહત્વનો પ્રશ્ન તો ઊભો જ છે. મહાત્મા અને સ્વાતંત્ર્યવીરના વિચારો વર્તમાન કે ભવિષ્યમાં કેટલી ઉપયોગી થઈ શકે અને નવી પેઢીએ એમાંથી કેટલું અને કયા સંદર્ભમાં આચરણ કરવા જેવું છે; એનો વિચાર કે મનોમંથન કરવામાં ના આવે તો આવી સઘળી બાબતો માત્ર સાંકેતિક (સિમ્બોલિક) જ બનીને રહી જાય. કોઈ સાવરકરને ભારતરત્ન આપવાનું ચૂંટણી ગતકડું રમે એટલે અન્યોએ ભગતસિંહને ભારતરત્ન આપવાનો ઘૂઘરો રમવો એ તો નરી બાલિશતા જ છે.

ઈતિહાસના ઘટનાક્રમને માત્ર વાગોળ્યા કરવાથી વર્તમાન સુધરી જાય એવું માનવું નિરર્થક છે. સાવરકરને મહાત્મા ગાંધીએ પ્રખર દેશભક્ત ગણાવ્યા હોય કે શહીદ-એ-આઝમ ભગતસિંહ અને એમના બે સાથીઓની દેશભક્તિ સામે ગાંધીજી, સરદાર પટેલ, પંડિત નેહરુ સહિતનાએ ૧૯૩૧ના કરાંચી કોંગ્રેસના અધિવેશનમાં શીશ ભલે નમાવ્યું હોય; પણ સ્વાતંત્ર્ય માટેના એમના માર્ગ નોખા હોવાને કારણે હિંસાના માર્ગને સ્વીકારવાની એમની તૈયારી નહોતી. સાવરકર અને ગાંધીજીના માર્ગ પણ નોખા હતા. સરદાર પટેલ અને વિઠ્ઠલભાઈ પટેલ બંને સગા ભાઈ હોવા છતાં સરદાર આજીવન અહિંસાવાદી અને ગાંધીજીના પટ્ટશિષ્ય રહ્યા, પણ ૧૯૩૩માં વિદેશની ધરતી પર મૃત્યુને ભેટેલા વિઠ્ઠલભાઈએ સુભાષબાબુ સાથેના સંયુક્ત નિવેદનમાં ગાંધીજીના નેતૃત્વને નિષ્ફળ લેખાવતાં અન્ય માર્ગોનો છોછ રાખ્યો નહોતો. જે સુભાષ બાપુ સાથે વાંધો પડતાં કોંગ્રેસ છોડી ગયા હતા, એ જ નેતાજીએ એ પછી સિંગાપુરથી મહાત્માને સૌ પ્રથમ રાષ્ટ્રપિતા કહ્યા હતા.

ઈન્ડિયા હાઉસમાં પહેલી મુલાકાત

મહાત્મા ગાંધી વર્ષ ૧૯૦૬માં દક્ષિણ આફ્રિકેથી લંડન આવ્યા ત્યારે પંડિત શ્યામજી કૃષ્ણવર્માના મહેમાન તરીકે ચાર દિવસ રહ્યા. કચ્છી ભાનુશાળી સમાજના ક્રાંતિકારી બેરિસ્ટર શ્યામજી સાથે ઘણા બધા દિવસ ગાંધીજીની વાતો ચાલ્યાની નોંધ મહાત્માની દિનવારીમાં મળે છે. એ જ અરસામાં ગાંધીજી પોલાક પરિવારને અને દાદાભાઈ નવરોજીને મળ્યા હતા. શ્યામજી પોતે કોંગ્રેસમાં લોકમાન્ય ટિળકના જહાળ પક્ષના અનુયાયી હતા.એમને ગાંધીજીએ આફ્રિકામાં અંગ્રેજોને બોઅર યુદ્ધમાં મદદ કરવાની લીધેલી ભૂમિકા ભણી સૂગ હતી, છતાં સંવાદ ચાલુ હતો. શ્યામજીને ગાંધી-ઝીણાના ભવિષ્યમાં થનારા રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલે અને દાદાભાઈ નવરોજી ભણી પણ નફરત હતી. એમના ''ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ''માં એ વિશે લેખો પણ લખાયા હતા. અહીં ટિળકના રેફરન્સ સાથે બેરિસ્ટર સરદારસિંહ

- **શ્યામજી કૃષ્ણવર્માના ઇન્ડિયા હાઉસમાં સાવરકરને મહાત્મા પહેલીવાર ઓક્ટોબર ૧૯૦૬માં મળ્યા**
- **ઈતિહાસપુરુષોના વૈચારિક વારસાના જતનને બદલે એમના નામને વટાવવાની રાજકીય કવાયતો**
- **વર્ષ ૧૯૦૯માં સાવરકરના વ્યાખ્યાનના અધ્યક્ષપદ પછી ગાંધીજીએ જહાજમાં ''હિંદ સ્વરાજ'' લખ્યું**
- **રાષ્ટ્રપિતાએ વિ.દા.ની ''આંદામાનમાં તપશ્ચર્યા''ને વખાણી, ટિળકનું જન્મગ્રામ રત્નાગિરી ''તીર્થક્ષેત્ર''**

રાણાના યોગદાનથી પ્રતાપ, શિવાજી અને અકબરના નામે શરૂ કરાયેલી ત્રણ શિષ્યવૃત્તિમાંથી શિવાજી શિષ્યવૃત્તિ પર સાવરકર પણ જુલાઈ ૨૦૦૬માં બેરિસ્ટર થવા આવ્યા હતા. ઈન્ડિયા હાઉસમાં રહીને ભણે તેને માટે પૂર્વ શરત એ હતી કે એ ભવિષ્યમાં અંગ્રેજ સરકારની નોકરી નહીં કરે. આ ક્રાંતિકારીઓ તૈયાર કરવાનું કેન્દ્ર હતું. ઓક્ટોબર મહિનામાં અહીંના રસોડામાં માછલી તળતા સાવરકર સાથે ગાંધીજીને શાકાહાર અને માંસાહાર અંગે મતભેદભરી ચર્ચા થયેલી.

ગાંધીજી અધ્યક્ષ, સાવરકર વક્તા

ચંદુભાઈ ભગુભાઈ દલાલ (સંગ્રાહક)ની અથાગ મહેનતથી સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ દ્વારા ૧૯૭૬માં પ્રકાશિત ''ગાંધીજીની દિનવારી''માં નોંધવામાં આવ્યું છે એ મુજબ, બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધીની અધ્યક્ષતામાં લંડનમાં દશેરા નિમિત્તે ૨૪ ઓક્ટોબર ૧૯૦૯ના રોજ હિંદીઓના યોજાયેલા સ્નેહમિલનમાં વિનાયક દામોદર સાવરકર મુખ્ય વક્તા હતા. આ સમારંભમાં અસફ અલી અને ટી.એસ. રાજન પણ ઉપસ્થિત હતા. સાવરકરનું અધિકૃત જીવનચરિત્ર લખનારા ધનંજય કીર દર્શાવે છે કે ૧૯૦૬થી ૧૯૦૯ દરમિયાન દક્ષિણ આફ્રિકામાં હિંદીઓના પ્રશ્ને નામાંકિત એવા બેરિસ્ટર ગાંધી લંડન આવતા ત્યારે સાવરકર એમની સાથે ભારતીય પ્રશ્નોની ચર્ચા કરતા હતા. આમ છતાં, બંને મહાનુભાવોની જાહેર મુલાકાત નળિમુદ્દીનના રેસ્તરાંમાં ૨૪ ઓક્ટોબર ૧૯૦૯ના રોજ યોજાયેલા ભોજન મેળાવડામાં થઈ અને એની જ સવિશેષ ચર્ચા રહી. દક્ષિણ આફ્રિકાથી પધારેલા મશહૂર બેરિસ્ટર અને વિલાયતી પોશાકમાં સજ્જ ગાંધીજીના પ્રમુખપદે આ સમારંભ યોજાયો. હજુ મે ૧૯૦૯માં જ બેરિસ્ટર થયા છતાં એ સન્માનથી વંચિત કરાયેલા ક્રાંતિકારી સાવરકરના વ્યાખ્યાનને સાંભળવા માટે ભારતીય ડોકટર,વકીલ અને અન્ય નામાંકિત મહાનુભાવો ઉમટ્યા હતા.સાવરકરના ભાષણથી ગાંધીજી પ્રભાવિત થયા હોવાનું એમણે કબૂલ્યું હતું.

આ મેળાવડામાં સાવરકરે ''અત્યાચાર, આક્રમણ અને અન્યાયના પ્રતીક સમા રાવણનો વધ કરીને જ શ્રીરામે રામરાજ્ય પ્રસ્થાપિત કર્યું હતું,'' એવું ભારપૂર્વક જણાવીને વધુમાં કહ્યું હતું: ''હિંદુ એ હિંદુસ્થાનનું હૃદય છે. પરંતુ જે રીતે ઇન્દ્રધનુષ્યની રમણીયતા એના વિવિધ રંગોથી ઓછી થવાને બદલે વધુ ઝગારા મારે છે, એ મુજબ મુસ્લિમ, પારસી, યહૂદી વગેરે વિવિધ સંસ્કૃતિમાં જે શ્રેષ્ઠ છે એ સર્વને પોતાનામાં સમાવીને હિંદભૂમા આકાશનું સૌદર્ય વધુ ખીલી ઊઠે છે.'' સાવરકરના પોણા કલાકના ભાષણ પછી અધ્યક્ષ ગાંધીએ કહ્યું કે સાવરકરના ભાષણ પર ધ્યાન આપો અને એમના નિવેદનને બધા લોકો આત્મસાત કરે.'' (સાવરકર સમગ્ર ખંડઃ૧ પૃષ્ઠઃ૬૧૨) બંને જન્મે હિંદુ હતા. ગાંધીજી આસ્તિક, પણ સાવરકર નાસ્તિક હતા. કીર નોંધે છે કે બંનેના (સ્વાતંત્ર્ય મેળવવાના) માર્ગ નોખા હોવા ઉપરાંત બંને વચ્ચે અનેકવાર ચર્ચા થતી રહી હતી. ગાંધીજીએ ૧૯૦૯ના અંતમાં દક્ષિણ આફ્રિકા પાછા ફરતાં વહાણમાં જ બંને હાથે ગુજરાતીમાં ''હિંદ સ્વરાજ'' લખ્યું અને એને પોતાના સામાયિક ''ઇન્